

કૃષિ ઉત્પાદન અને

# બજાર દર્શન

કૃષિ ઉદય...

અંક : ૧ ખંડ : ૨ ઓગસ્ટ ૨૦૧૫

અધ્યક્ષ :
ડૉ. હરીશ પાઢ

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એમ. એન. સ્વેન
ડૉ. એસ. આર. ભૈયા
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
એસ.પી. યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in




કૃષિ મંત્રાલય, ભારત સરકારે સિંચાઈ માટે સૌર ઊર્જા સંચાલિત પંપની ખરીદી ઉપર ખેડૂતોને ₹ ૫૭,૬૦૦ની નાણાંકીય સહાય કરવાનો નિર્ણય કર્યો છે. સૌર ઊર્જા સંચાલિત પંપ એ ખેતીક્ષેત્રમાં સિંચાઈ માટે ઈલેક્ટ્રિકલ અને ડીઝલ પંપ પદ્ધતિનો એક અન્ય વ્યવહારિક વિકલ્પ છે. મંત્રાલયના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે કેન્દ્ર સરકારની મધ્યસ્થ યોજના હેઠળ જે કૃષિ સાધનસામગ્રીને સહાય આપવામાં આવે છે તેની યાદીમાં આ સહાયનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૨ એચ.પી. (હોર્સ પાવર)ની ક્ષમતા ધરાવતા પંપ માટે ₹ ૫૭,૬૦૦ અને ૨ એચ.પી. કરતાં વધુ અને ૫ એચ.પી. સુધીની ક્ષમતા ધરાવતા પંપ માટે ₹ ૫૪,૦૦૦ની નાણાંકીય સહાય આપવામાં આવે છે. જ્યારે એસી (AC) પંપ માટે ૨ એચ.પી.ની ક્ષમતા ધરાવતા પંપ માટે ₹ ૫૦,૪૦૦ અને ૨ થી ૫ એચ.પી. સુધીની ક્ષમતા ધરાવતા પંપ માટે ₹ ૪૩,૨૦૦ની સબસિડી સરકાર પૂરી પાડશે.

નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય કૃષિ યાંત્રિકરણ ઉપરના પેટા મિશન હેઠળ સૌર ઊર્જા પંપીંગ યોજના રાજ્ય સરકારો મારફતે કૃષિ મંત્રાલયની સંમતિ મેળવીને અમલમાં મૂકેલ છે. કૃષિ મંત્રાલય દ્વારા આ મિશન એપ્રિલ-૨૦૧૪થી અમલમાં મૂકવામાં આવ્યું છે. આ મિશન અંતર્ગત કૃષિ મંત્રાલય સંબંધિત રાજ્ય સરકારો મારફતે ખેડૂતોને ખેત ઓજારો અને વિવિધ પ્રકારના સાધનોની ખરીદી ઉપર નાણાંકીય સહાય પૂરી પાડે છે.

ખેડૂતોને વ્યક્તિગત માલિકી માટે તેમજ ભાડેથી ખેત ઓજારો પૂરા પાડતી બેંક ઊભી કરીને સેવાઓ મેળવવા માટે નાણાંકીય સહાય આપવામાં આવે છે. આવી પંપીંગ પદ્ધતિ માટે નાણાંકીય સહાય નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલયની નાણાંકીય સહાયની તરાહની સાથે સુસંગત છે.

http://pib.nic.in/newsite

# એનડીડીબી દ્વારા પશુપાલન કરતાં ખેડૂતો માટે 'પશુ પોષણ' મોબાઈલ એપ્લિકેશનની શરુઆત




રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (NDDB) દ્વારા એક મોબાઈલ એપ્લિકેશનની શરુઆત કરવામાં આવી છે જેના દ્વારા ગાય અને ભેંસ માટે સમતોલ આહારની ભલામણ કરવામાં આવશે. જેના કારણે દૂધ ઉત્પાદનમાં વધારો થશે અને પશુ આહાર ખર્ચમાં ઘટાડો થશે. પરિણામે ખેડૂતોની આવક પણ વધશે. કેન્દ્રીય કૃષિ પ્રધાન શ્રીરાધા મોહન સિંઘ દ્વારા 'પશુ પોષણ' નામની આ મોબાઈલ એપ્લિકેશન શરુ કરવામાં આવી હતી. આ પ્રકારની એપ્લિકેશન વેબસાઈટ ઉપર અને એન્ડ્રોઈડ (Android) ફોનમાં ઉપલબ્ધ થશે. INAPH પોર્ટલ (inaph.nddb.coop) ઉપર નોંધણી કરાવવાથી એપ્લિકેશનનો લાભ મેળવી શકાશે.

NATIONAL DAIRY DEVELOPMENT BOARD

આ એપ્લિકેશનનો ઉપયોગ કરવા માટે, ખેડૂતને પશુ અંગેની સંપૂર્ણ માહિતી અને તેની સાથે અન્ય માહિતી જેવી કે જાતિ, ઊંમર, દૂધ ઉત્પાદન, દૂધમાં ફેટનું પ્રમાણ, વર્તમાનમાં પશુને પૂરો પાડવામાં આવતો આહાર અને તેની કિંમત સહિતની માહિતી પૂરી પાડવી પડશે કે જેથી સમતોલ પશુ આહાર માટે યોગ્ય ફોર્મ્યુલા તૈયાર કરી શકાય.

''અમે લગભગ ૪૦,૦૦૦ ગામડાઓમાં ૬ લાખ દૂધાળાં પ્રાણીઓની રૂપરેખા તૈયાર કરીને તેમનાં માટે સમતોલ પશુ આહાર અને ઘાસચારા વિશે ખેડૂતોને ભલામણ કરી છે. આ કાર્યક્રમનાં કારણે એક પશુ ઉપરનો એક દિવસનો ખર્ચ ₹૫૧૫ ઘટ્યો છે. દૂધ ઉત્પાદનમાં પ્રતિ પશુ અને પ્રતિ દિવસ સરેરાશ ૩૦૦ મી.લી. વધારો જોવા મળ્યો છે. હવે અમે આ મોબાઈલ એપ્લિકેશનને સમગ્ર દેશમાં અમલી બનાવીશું,'' એનડીડીબીનાં ચેરમેન શ્રી ટી નંદા કુમારે પત્રકારોને આમ જણાવ્યું હતું.

http://www.theeconomictimes.com/

# ઓનલાઈન રાષ્ટ્રીય કૃષિ બજાર માટે સરકારની ₹ ૨૦૦ કરોડની ફાળવણી



ભારત સરકારે સમગ્ર દેશમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે દેશભરનાં ૫૮૫ જથ્થાબંધ બજારોને સંકલિત કરી ઓનલાઈન રાષ્ટ્રીય કૃષિ બજાર ઉભું કરવા ત્રણ વર્ષ માટે ₹ ૨૦૦ કરોડની ફાળવણી કરી છે. આર્થિક બાબતો અંગેની કેબિનેટ કમિટીએ કૃષિ માળખા ભંડોળ મારફતે રાષ્ટ્રીય કૃષિ બજારને પ્રોત્સાહિત કરવા માટે કેન્દ્રીય ક્ષેત્રની યોજનાને મંજૂરી આપી છે.

કૃષિ વિભાગ દ્વારા સમગ્ર દેશનાં કેટલાક પસંદગીનાં બજારોનાં નિયમન માટે સામાન્ય ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મની વ્યૂહરચના ઉભી કરાશે. આ યોજના હેઠળ પસંદ કરેલા ૫૮૫ નિયંત્રિત બજારોને આવરી લેવામાં આવશે. આ પ્લાન અંતર્ગત ૨૦૧૫-૧૬ માં ૨૫૦ બજાર, ૨૦૧૬-૧૭માં ૨૦૦ બજાર અને ૨૦૧૭-૧૮માં ૧૩૫ બજારને આવરી લેવામાં આવશે. કૃષિ સચિવશ્રી સિરાજ હુસૈને માહિતી આપી હતી કે મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઓરીસ્સા, ઝારખંડ અને ગુજરાતે અગાઉથી જ આ યોજનામાં જોડાવા માટે સંમતિ દર્શાવી છે. જ્યારે મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશ આ યોજનામાં જોડાવા ખૂબ આતુર છે. કેન્દ્ર તેમજ રાજ્ય સ્તરે બજારો એક સમાન/એકરૂપ કરવાથી ખેડૂતોને યોગ્ય કિંમતો મળી રહેશે. પુરવઠાની સાંકળ સુધરશે, બગાડ ઘટશે અને કોમન ઈ-પ્લેટફોર્મની જોગવાઈ મારફતે એકરૂપ રાષ્ટ્રીય બજાર ઉભું કરી શકાશે.

http://www.thehindu.com/news/

# ખેડૂતોને મદદ માટે મોબાઇલ ફોન આધારિત સેવાઓ



કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા મોબાઇલ આધારિત ખેડૂતોને ઉપયોગી સેવાઓ માટેનું mKisan નામનું વેબ પોર્ટલ કૃષિ મંત્રાલય, ભારત સરકારે બનાવ્યું છે. આ પોર્ટલનું સરનામું URL માં www.mkisan.gov.in છે. તેમાં રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કૃષિ હવામાન એકમો સહિત બ્લોક સ્તર પરની સંસ્થાઓ, વિભાગો વગેરેને એક છત્ર હેઠળ લાવવામાં આવેલ છે.

કૃષિ અને સહકાર વિભાગના જણાવ્યા અનુસાર mKisan પોર્ટલમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોની તમામ પહેલને મોબાઇલ આધારિત સેવામાં સમાવી છે. આ સેવાઓમાં એસએમએસ (મોકલવા અને આવવા બંને), અવાજ રેકોર્ડીંગ સંદેશા પદ્ધતિ, ડેટા અથવા યુએસએસડીની અનૌપચારિક પૂરક સેવાઓ મોબાઇલ ઉપયોગમાં જોવા મળશે.


http://www.thehindu.com/sci-tech/agriculture

# પારદર્શિતા વિકસાવવા માટે સરકારે ૩ કૃષિ પોર્ટલ અમલમાં મૂક્યાં

સરકારે સજીવ ખેતીનાં પ્રમાણિતકરણ માટે, ખાતરની ગુણવત્તાની ચકાસણી માટે અને જમીન આરોગ્ય પત્રકની ફાળવણીને વધુ પારદર્શક અને જવાબદાર બનાવવા માટે ત્રણ કૃષિ પોર્ટલની સેવા શરૂ કરી છે. અંગ્રેજી ભાષામાં શરૂ કરવામાં આવેલ આ પોર્ટલ, આગામી તબક્કામાં ખેડૂતોના લાભ/ઉપયોગ માટે જે તે પ્રાદેશિક ભાષાઓમાં પણ ઉપલબ્ધ કરવામાં આવશે. જમીનનું આરોગ્ય સુધારવા માટે www.soilhealth.dac.gov.in પોર્ટલ અંર્તગત જમીનના નમૂનાની નોંધણી, નમૂનાઓનાં ચકાસણીનાં પરિણામો, ખાતરના વપરાશની ભલામણો સાથે જમીન આરોગ્ય પત્રક તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલ જમીનના નમૂના, નમૂનાની વિગતોને એસએમએસ અને ઇ-મેઇલ્સ દ્વારા જમીન આરોગ્ય પત્રક, નમૂના નોંધણી અને બનાવવા વગેરે વિશેની માહિતી ખેડૂતોને આપશે.

ખેડૂતોને ગુણવત્તાયુક્ત ખાતર વેચવામાં આવે તેની ખાતરી કરવા કરવા માટે પોર્ટલ www.fqcs.dac.gov.in માં ખાતરના નમૂનાઓ તથા અહેવાલોનું પરીક્ષણ કરવા માટે વિકસાવવામાં આવેલ છે. સ્થાનિક સજીવ ખેત પેદાશોનાં બજાર વિકસાવવા માટે નાના અને સીમાંત ખેડૂતોને સજીવ ખેતી પ્રમાણપત્ર મેળવવા અને બજાર પારદર્શક બનાવવા માટે www.pgsindia-ncof.gov.in પોર્ટલ વિકસાવવામાં આવેલ છે. આ પોર્ટલ પર ઓનલાઇન નોંધણી, મંજૂરી, દસ્તાવેજીકરણ અને સજીવ ખેતી પ્રમાણપત્ર મેળવી/મોકલી શકાશે. આ પોર્ટલમાં સજીવ ખેતી કરતાં ઉત્પાદકો અને સરકાર દ્વારા પ્રમાણિત સજીવ ખેતી હેઠળના વિસ્તાર વિષયક આંકડાઓ ઉભા કરી શકાશે. પ્રસ્તુત વ્યવસ્થાને પારદર્શકતા સાથેની સહભાગી ગેરંટી પદ્ધતિ કહેવાશે. નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર દ્વારા વિકસાવવામાં આવેલ આ પોર્ટલ હાલની યોજનાઓનો એક ભાગ છે.

http://pib.nic.in/newsite





# ગુજરાતના ખેડૂતો માટે ₹૪૦૦ કરોડના પાક વીમા માટે કેન્દ્ર સરકારની જાહેરાત

ગુજરાત રાજ્યના કૃષિમંત્રીશ્રી મોહન કુંડારિયાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર ગુજરાત રાજ્યનાં ખેડૂતો માટે પાક વીમા અંતર્ગત ₹ ૪૦૦ કરોડનાં નાણાં ફાળવશે તેવી જાહેરાત કરી છે. તેનાથી રાજ્યના ૨.૫ લાખ ખેડૂતોને લાભ થશે. જે ખેડૂતોએ વર્ષ ૨૦૧૪ માં પાક માટે વીમા પ્રિમીયમની ચૂકવણી કરેલ છે અને તેમાંથી જેમનાં પાકને નુકશાન થયું હોય અથવા પાક નિષ્ફળ ગયેલ હોય તે ખેડૂતોને લાભ આપવામાં આવશે. સૌરાષ્ટ્રમાં તાજેતરના પૂરનો જે ખેડૂતોએ સામનો કર્યો તેમની પરિસ્થિતિ મુશ્કેલ હોઇ તેમને વીમો આપીને મુશ્કેલીમાંથી બહાર લઇ આવવાનો હેતુ છે, તેવું કૃષિમંત્રીએ જણાવ્યું હતું. સપ્ટેમ્બર માસના અંત સુધીમાં કપાસનો પાક નિષ્ફળ થયેલ હોય તેવા ખેડૂતોને વીમાની રકમ આપવા માટે કેન્દ્ર સરકારે અલગ નાણાં ભંડોળની વ્યવસ્થા કરી છે તેમ પણ કૃષિમંત્રીએ જણાવ્યું હતું.

http://www.thehindu.com/sci-tech/agriculture

બુક પોસ્ટ

પ્રતિ શ્રી

____________________


મોકલનાર:
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર
ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે
(કૃષિ મંત્રાલય, ભારત સરકાર)
એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ,
નંદાલય હવેલીની સામે, પોસ્ટ બોક્સ નંબર ૨૪,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત
ફોન : +૯૧-૨૬૯૨-૨૩૦૧૦૬, ૨૩૦૭૯૯
ફેક્સ : +૯૧-૨૬૯૨-૨૩૩૧૦૬


Lajja : 02692-233864

Acknowledged the information used/taken from public domain